# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)**

જ્યોતિર્મય પરિસર
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
સરખેજ– ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ-382 481
**Website : www.baou.edu.in**

## ટેન્ડર દસ્તાવેજ

## વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડેથી પૂરી પાડવા અંગે ઈ-ટેન્ડર

(બિન તબદીલ પાત્ર)

## E Tender for providing Vehicles services on Rent

**ટેન્ડર જાહેરાત ક્રમાંકઃ**

બાઆંઓયુ/ટ્રાન્સપોર્ટ/૦૧/૨૦૧૮

**ટેન્ડર આમંત્રિત કરનારઃ**

કા. કુલસચિવશ્રી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
જ્યોતિર્મય પરીસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. માર્ગ
સરખેજ–ગાંધીનગર હાઈ–વે, છારોડી, અમદાવાદ-382 481

સહી/–
અવાચ્ય

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ હસ્તકના છારોડી કેમ્પસ ખાતે વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડેથી મેળવવાનો ઈજારો આપવા એજન્સી નકકી કરવા અંગે ઈ–ટેન્ડર


| | **વિગતો** | **પાના નંબર** |
|---|---|---|
| ૧) | ટેન્ડર શિડયુલ<br>(પરિશિષ્ટ – ૦૧) | 03 |
| ૨) | વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડે પૂરી પાડવા અંગેના ટેન્ડરનો સમયગાળો, ટેન્ડરરની લાયકાત, ટેન્ડર માટેની સામાન્ય શરતો, બોલીઓ અને સૂચનાઓ<br>(પરિશિષ્ટ – ૦૨) | 04-06 |
| ૩) | ટેન્ડરર તરીકેની લાયકાત, ટેન્ડર અંગે અધિકાર<br>(પરિશિષ્ટ – ૦૩) | 07-08 |
| ૪) | ટેન્ડર ફોર્મ ભરવા અને રજૂ કરવા અને ઓપનીંગ અંગે<br>(પરિશિષ્ટ – ૦૪) | 09-10 |
| ૫) | ટેન્ડરના ભાવો અને સમય મર્યાદા, સ્વિકૃતિ અને ટેન્ડર કયારે રદ્દ બાતલ ગણાય<br>(પરિશિષ્ટ – ૦૫) | 11-12 |
| ૬) | ટેકનીકલ લાયકાતના ફોર્મ<br>(પરિશિષ્ટ – ૦૬) | 13-14 |
| ૭) | સેવાઓ સામેના ભાવ પત્રક/નાણાકીય લાયકાતના ફોર્મ<br>(પરિશિષ્ટ – ૦૭) | 15 |
| ૮) | સેવાઓ (વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડે પૂરી પાડવા) અંતર્ગતના કરારનામાં (પરિશિષ્ટ – ૦૮) | 16-19 |
| ૯) | બાંહેધરી પત્રક<br>(પરિશિષ્ટ – ૦૯) | 20 |

# : Tender Schedule :

| Sr. | Schedule | Details |
|---|---|---|
| 1) | Online Tender Opening Date & Time | Date: 01-02-18 Time: 10:30 hours |
| 2) | Pre Bid Meeting with Vandors at BAOU | Date: 16-02-18 Time: 12:30 hours |
| 3) | Tender Closing (Online) | Date: 22-02-18 Time: 18:00 hours |
| 4) | Submission of Tender Documents i.e. Tender form, Tender fee, EMD, Technical Documents in sealed cover.<br>(Through R.P.A.D/Speed Post/ or Hand Delivery at BAOU) | Date: 23-02-18 Time: 18:00 hours |
| 5) | Tender Process Fee | Inr. 1,500/- |
| 6) | Earnest Money Deposit | Inr. 30,000/- |
| 7) | Security Deposit | As per Govt. of Gujarat Purchase Rules at the time of finalization of rates/party. |
| 8) | Technical Bid Opening | Date: 27-02-18<br>Time: 16:00 hours<br>Place: “Jyotirmay Parisar”<br>Dr. Babasaheb Ambedkar Open University Marg, S.G. HighWay, Charrodi, Ahmedabad |
| 9) | Financial Bid Opening | Time: Will be announced at the time of Technical Bid Opening |

**પરિશિષ્ટ – ૨**

## વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડેથી પૂરી પાડવા અંગેના ટેન્ડરનો સમયગાળો, ટેન્ડરરની લાયકાત, ટેન્ડર માટેની સામાન્ય શરતો, બોલીઓ અને સૂચનાઓ

**યુનિવર્સિટી અંગે માહિતીઃ**

1. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી રાજય સરકારશ્રી દ્વારા સ્થાપિત સ્વાયત સંસ્થા છે. આ યુનિવર્સિટી દ્વારા વિવિધ અભ્યાસક્રમો રાજયમાં સ્થાપવામાં આવેલ અલગ–અલગ અભ્યાસ કેન્દ્રો ઉપર ચલાવવામાં આવે છે. આ કેન્દ્ર ઉપર પરીક્ષા તથા અભ્યાસક્રમોને લગતુ સાહિત્ય, પરીક્ષાના પ્રશ્નપત્રો, ફર્નિચર–સામગ્રી વગેરે પહોંચાડવા, કેન્દ્રોની મુલાકાત અને સ્થળ તપાસ વિગેરે માટે અધિકારીશ્રીઓ/મેમ્બર્સને જવા આવવા માટે, યુનિવર્સિટી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમોની વ્યવસ્થા માટે એમ જરૂરીયાતના ધોરણે વાહનો વર્ષ દરમ્યાન પુરા પાડવાના છે.

**ટેન્ડરનો સમયગાળોઃ**

2. આ સેવાઓનો સમયગાળો નિમણૂંક માટેની નિયત થયેલ તારીખથી એક વર્ષનો રહેશે. ત્યારબાદ યુનિવર્સિટીના નિર્ણયાનુસાર આ સેવાઓનો સમયગાળો મહત્તમ એક વર્ષ સુધી લંબાવી શકાશે.

**સામાન્ય શરતોઃ**

3. તમામ વાહનોના મોડલ વર્ષ 2015 પછીના હોવા આવશ્યક છે.
4. સંસ્થાને લાગુ પડતાં તમામ કાયદાઓનુ ટેન્ડરરે પાલન કરવાનુ રહેશે.
5. ટેન્ડરરની ઓફિસ, અમદાવાદ/ ગાંધીનગર ખાતે હોવી જોઈએ.
6. ટેન્ડર કાર્યવાહી દરમ્યાન ટેન્ડરરના નામ કોઈપણ સંજોગોમાં બદલી શકાશે નહિ.
7. આ કામની સેવા આપવા ઈચ્છુક ટેન્ડરર પાસે ટ્રાન્સપોર્ટ અંગેનુ જરૂરી લાયસન્સ, કોમ્પ્રીહેન્સીવ ઈન્સ્યોરન્સ, તમામ વાહનોના આર.ટી.ઓ પાસીંગ, આર.સી.બુક, પી.યુ.સી., વગરે હોવા આવશ્યક છે તથા તે દરેકની નકલ ટેન્ડર ફોર્મની સાથે અચૂક બિડાણ કરવાની રહેશે.
8. ટેન્ડરર પાર્ટી દ્વારા ટેન્ડર દર્શીત તમામ પ્રકારના વાહનો ટેક્ષી પાસીગના તેમજ તે મુજબના દસ્તાવેજોની નકલો પૂરી પાડવી ફરજીયાત છે.
9. જે–તે પ્રકારના વાહનોની અત્રેથી નિયત રૂટની મુસાફરી દરમ્યાન નિયમોનુસાર ટોલ ટેક્ષ, પાર્કિંગ ચાર્જ ભરેલ હશે તો તે અલગથી મળવાપાત્ર થશે. ભરેલ ટોલ ટેક્ષ, પાર્કિંગ ચાર્જની પહોંચ રજુ કરવાની રહેશે.
10. વાહનની મુસાફરી માટેના સમયની ગણતરી માટે રાત્રીના 0.00 કલાક થી 24.00 કલાક એમ 24 કલાકનો દિવસ ગણવામાં આવશે.

11. યુનિવર્સિટીના કેન્દ્રો ઉપર પરીક્ષા/પ્રવેશનું સાહિત્ય તેમજ અન્ય સાહિત્ય પહોંચાડવાનું થાય ત્યારે એકથી વધારે વાહનની જરૂરીયાત રહેશે અને યુનિવર્સિટી દ્વારા જે રૂટ નકકી કરી આપવામા આવશે તે પ્રમાણેના રૂટ મુજબ જ કેન્દ્રો ઉપર સાહિત્ય પહોચાડવા તેટલી સંખ્યામાં વાહનો અચૂક ઉપલબ્ધ કરાવવાના રહેશે.

12. અત્રેથી સાહિત્ય લોડીંગ /અન લોડીંગ કરવા માટેના સમયની પાબંધી નથી. જયારે કેન્દ્રો ઉપર પહોંચાડવાનુ સાહિત્ય સવારના 9.00 થી સાંજના 19.00 કલાક દરમ્યાન જ ડિલેવરી કરવાની રહેશે. તેમજ જે–તે કેન્દ્રો ઉપર સાહિત્ય/ સામગ્રી પહોંચાડી તે મળ્યાની રસીદ મેળવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

13. સાહિત્ય લોડિંગ–અન લોડિંગ તેમજ પરિવહન વેળા પુસ્તકો–સાહિત્યને કોઈ પ્રકારનુ નુકશાન ના થાય તે જોવાની જવાબદારી અને પરિવહન માટે આપવામાં આવેલ દાગીના, બંડલો સહી સલામત જે–તે કેન્દ્ર સંચાલકને મળે તે જોવાની જવાબદારી ટેન્ડરરની રહેશે. જો કોઈ બંડલ અથવા સાહિત્ય–સામગ્રી ખોવાશે યા તેને નુકશાન થશે તો ઘટ–નુકશાનીની રકમ ટેન્ડરરના ચૂકવણાંના કોઈપણ બીલ અને જરૂર જણાયે સિકયુરીટી ડિપોઝીટમાંથી વસૂલ કરવામાં આવશે.

14. પરીક્ષા સંબધિત પ્રશ્નપત્ર તથા સમય મર્યાદામાં મોકલવાનુ સાહિત્ય નકકી કરેલ રૂટ મુજબ નિયત સમય પહેલાં જે–તે કેન્દ્ર ઉપર પહોંચતુ થઈ શકે તે રીતેની વ્યવસ્થા ટેન્ડરરે ગોઠવવાની રહેશે.

15. પ્રવાસ શરૂ કરતાં પહેલા કે પ્રવાસ દરમ્યાન કોઈપણ પ્રકારના રોકડ રકમ એડવાન્સ આપવામાં આવશે નહી એટલે કે, વાહન માટે ઈંધણ ખર્ચ, ડ્રાયવર નિભાવણી ખર્ચ, ટોલ ટેક્ષ તથા અન્ય મેઈન્ટનન્સ વગેરેની પૂરતી વ્યવસ્થા ટેન્ડરરે જાતે કરવાની રહેશે.

16. વાહન ચાલક કર્મચારીને તેઓની ફરજ દરમ્યાન કોઈપણ પ્રકારના અકસ્માત કે શારીરીક ઈજા–હાનીનો પ્રસંગ બને તો, તે અંગેની કાયદાકીય અથવા અન્ય કોઈપણ જવાબદારી પણ ટેન્ડરરની રહેશે. આ અંગે ચૂકવવા પાત્ર વળતર નુકશાની કે દાવાની કોઈ રકમની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહી.

17. જયારે વાહન ભાડે રાખવામાં આવશે ત્યારે બીલમાં ટેન્ડરરની ઓફિસથી યુનિવર્સિટી સુધી અથવા મુસાફરી કરનાર અધિકારીશ્રી/કર્મચારીના નિવાસ સ્થાન સુધી આવતા–જતાંના કિલોમીટર બીલમાં દર્શાવી શકાશે, સદર કિલોમીટર બીલમાં અલગથી દર્શાવવાના રહેશે.

| | | |
|---|---|---|
| **દા.ત.** | – વાહનના મુસાફરીના ખરેખર કિલોમીટર | : 500 કિ.મી |
| **ઉમેરોઃ** | – ટેન્ડરરની ઓફિસથી યુનિવર્સિટી સુધી આવવા–જતાં અથવા અધિકારીશ્રી/કર્મચારીના નિવાસસ્થાન સુધી આવતા/જતાના કિલોમીટર | : 10 કિ.મી. |
| કુલઃ | **મુસાફરીના કલેઈમના કુલ કિલોમીટર** | **: 510 કિ.મી.** |

18. મુસાફરી પૂર્ણ થયે લોગ–બુક/ મુસાફરી મેમો ઉપર મુસાફરી કરનાર યુનિવર્સિટી સંબધિત અધિકારીશ્રી/કર્મચારીના સહી–સિકકા અચૂક લેવાના રહેશે જેને બીલ સાથે અવશ્ય બિડાણ કરવાના રહેશે.

19. મુસાફરી દરમ્યાન નિયમોનુસાર ટોલ ટેક્ષ કે પાર્કિંગ ચાર્જ ભરેલ હોય તો તે તમામની અસલ પાવતીઓ વત્તા તે તમામની એક નકલ કરાવી બીલની સાથે અચૂક જોડવાના રહેશે. અન્યથા ટોલ ટેક્ષ અગર પાર્કિંગ ચાર્જની રકમ બીલની કુલ રકમમાંથી કપાત કરી લેવામા આવશે.
20. ચૂકવણાંના બીલો મંજૂર થયેલા દર મુજબ તથા ખરેખર ભરેલ ટોલ ટેક્ષ/ પાર્કિંગ ચાર્જની રકમ ઉમેરીને "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" ના નામજોગ બે નકલમાં બનાવી દિનઃ ૦૭માં રજૂ કરવાના રહેશે. બીલના ચૂકવણામાંથી નિયમોનુસાર TDS કપાત કરવામાં આવશે.
21. યુનિવર્સિટીને ટેન્ડરમાં સમાવિષ્ટ તમામ શરતો, બોલીઓમાં સંજોગો આધિન કોઈપણ શરત/ શરતો ઉમેરવાનો કે કમી કરવાનો અબાધિત અધિકાર રહેશે. તે અંગે ટેન્ડરર કોઈપણ પ્રકારનો વાંધો લઈ શકશે નહિ.
22. ટેન્ડરમાં સમાવિષ્ટ તમામ શરતો અને સૂચનાઓ, લાયકાત, બોલીઓ વગેરે તથા ટેન્ડરર અને યુનિવર્સિટી વચ્ચે થનાર કરાર સેવાઓનો જ ભાગ ગણાશે.
23. ટેન્ડરની તમામ શરતો, કરારની શરતો અગર ટેન્ડર સ્વિકૃતિ, અસ્વિકૃતિ, નિયમોના અર્થઘટન કે વિવાદાસ્પદ પરિસ્થિતિમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદનો નિર્ણય આખરી અને ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

## ટેન્ડરર તરીકેની લાયકાતઃ

1. આ કામની સેવા આપવા ઈચ્છુક ટેન્ડરરને સેવાઓ (વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડેથી પૂરી પાડવા) પૂરી પાડવાનો ઓછામાં ઓછા ત્રણ (3) વર્ષનો અનુભવ સાથે આ પ્રકારની સેવાઓ પૂરી પાડવા માટે કાયદેસર રીતે નોંધાયેલ ફર્મ, એજન્સી, કંપની, સંસ્થા હોવી ફરજીયાત છે.
2. ટેન્ડરર પાસે કોન્ટ્રાકટર તરીકેનુ રજીસ્ટ્રેશન (ગુમાસ્તાધારા હેઠળ), આવકવેરા વિભાગ દ્વારા આપવામાં આવતા કાયમી ખાતા નંબર, પ્રોફેશનલ ટેક્ષ નંબર ધરાવતા હોવા જોઈએ. આ તમામ નોંધણી/ નંબર ટેન્ડર ભરતા સમયે કાર્યરત/ રિન્યુ થયેલ હોવા જોઈએ.
3. ટેન્ડરરે સેવાઓ વાહનોની સેવાઓ ભાડેથી પૂરી (વિવિધ પ્રકારના પાડવા) હેડ હેઠળ છેલ્લા ૨ (બે) નાણાંકીય વર્ષ પૈકી સરકારી, અર્ધ સરકારી કચેરીઓ, નિગમો, બોર્ડ, યુનિવર્સિટીઓ (આ યુનિવર્સિટી સિવાય) કે રાષ્ટ્રીયકૃત બેંકો, જાહેર સાહસો પૈકી કોઈ એક વર્ષમાં એકજ ઓર્ડર સામે રૂપિયા 15/- લાખ કે તે ઉપરાંતનુ કામ કરેલુ હોવુ જોઈએ. જે માટેના ચાર્ટડ એકાઉન્ટ દ્વારા પ્રમાણીત કરેલ પ્રમાણપત્ર અચૂક જોડવાના રહેશે. તેમજ તે સંસ્થાના વર્ક ઓર્ડર અને કામગીરી સંતોષકારક પૂર્ણ કરેલ હોવાના પ્રમાણપત્ર અવશ્ય બિડાણ કરવાના રહેશે.
4. ટેન્ડરરનું છેલ્લા બે નાણાંકિય વર્ષનુ કુલ ટર્ન ઓવર 30/- લાખનુ અને દર એક નાણાંકીય વર્ષનુ લઘુતમ ટર્ન ઓવર 15/- લાખનુ હોવુ જોઈએ. જે માટેના ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણીત કરેલ પ્રમાણપત્ર તેમજ બન્ને વર્ષના હિસાબોની પ્રમાણિત કરેલ નકલ અચૂક જોડવાના રહેશે. અન્યથા ટેન્ડરર ટેન્ડર ભરવા માટે લાયક રહેશે નહિ.
5. ટેન્ડર જો ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજ કરેલા હોવા જોઈએ તથા પાવર ઓફ એર્ટનીના નોટરાઈઝ દસ્તાવેજ હોવા આવશ્યક છે. તે રીતે ટેન્ડરર જો કંપની કાયદા હેઠળ કે સહકારી મંડળીના કાયદા હેઠળ નોંધાયેલ હોય તો તેના બંધારણ અને પાવર ઓફ એર્ટનીના નોટરાઈઝ દસ્તાવેજ હોવા આવશ્યક છે.
6. સેવાઓ (વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડેથી પૂરી પાડવા) કામના બિન અનુભવી એજન્સી, સંસ્થા કે કંપની કે કોન્ટ્રાકટર તરફથી ભરવામાં આવેલના ટેન્ડર ગ્રાહય રાખવામાં આવશે નહિ.

**અન્ય આવશ્યક લાયકાત/શરતો**

7. ટેન્ડરરે છેલ્લા 3 (ત્રણ) વર્ષમાં સરકારી, અર્ધ સરકારી કચેરીઓ, નિગમો, બોર્ડ, યુનિવર્સિટીઓ (આ યુનિવર્સિટી સિવાય), રાષ્ટ્રીયકૃત/ખાનગી બેંકો, જાહેર સાહસો, હોસ્પિટલ, કોર્પોરેટ કચેરીઓ વગેરેમાં સેવાઓ (વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ) પૂરી પાડેલ હોય અને સંતોષકારક રીતે પૂર્ણ કરેલ હોય તેવી સંસ્થાઓ પૈકી મીનીમમ 5 (પાંચ) સંસ્થાના વર્ક ઓર્ડર અને કામગીરી સંતોષકારક પૂર્ણ કરેલ હોય તેવાના પ્રમાણપત્ર અવશ્ય બિડાણ કરવાના રહેશે.
8. ટેન્ડરરે પોતે માલિકી/ ભાગીદારી પેઢી/ પ્રાઈવેટ લીમીટેડ કંપનીએ તેઓના માલિકના/ તમામ ભાગીદારોના નામ, સરનામાં, કચેરી તેમજ રહેઠાણના સરનામાં, સંપર્ક નંબરો (મોબાઈલ અને લેન્ડ લાઈન ફોન નંબર) સાથેની વિગત તેઓના લેટરહેડ ઉપર અચૂક આપવાની રહેશે. તે સિવાય રજૂ કરેલ ટેન્ડર ફોર્મ માન્ય રહેશે નહિ.
9. ટેન્ડરર કંપનીના સરનામાં/ સંપર્ક નંબરમા ફેરફાર થવાના કિસ્સામાં કે ભાગીદારોના ફેરફાર થાય તેવા સંજોગોમાં કંપનીના લેટરપેડ ઉપર યુનિવર્સિટીને તાત્કાલીક લેખીતમાં જાણ કરવાની રહેશે. આ માહિતીમાં કોઈ ફેરફાર ના હોય તો પણ દર ત્રણ માસે આ વિગત કંપનીના લેટરપેડ ઉપર અચૂક પુનઃ રજૂ કરવાની રહેશે.

**ટેન્ડર અંગેના અધિકાર**

1. યુનિવર્સિટીને ટેન્ડરમાં સમાવિષ્ટ તમામ શરતો, બોલીઓમાં સંજોગો આધિન કોઈપણ શરત/ શરતો ઉમેરવાનો કે કમી કરવાનો અબાધિત અધિકાર રહેશે. તે અંગે ટેન્ડરર કોઈપણ પ્રકારનો વાંધો લઈ શકશે નહિ.

## ટેન્ડર ફોર્મ ભરવા અને રજૂ કરવા અને ઓપનીંગ અંગે

1. યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ ટેન્ડર ગુજરાત રાજય સરકારશ્રીના એકમ N-Code મારફતે ઓન–લાઈન ભરવાના રહેશે. ઓનલાઈન ફોર્મ ભરવા અને ડાઉનલોડ કરવાનુ સરનામું www.nprocure.com છે.
2. ટેન્ડર સામે પ્રોસેસ/ફોર્મ ફી પેટે રૂા.1,500/-ની રકમ ડિમાન્ડ ડ્રાફટ/ બેકર્સ ચેક પૈકી કોઈપણ એક સ્વરૂપે કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નામે, અમદાવાદ, Payable at Ahmedabad તરફેણનો બિડાણ કરવાનો રહેશે. **ટેન્ડર ફોર્મ ફી સિવાયના ટેન્ડર રદ્દ ગણવામાં આવશે.**
3. ટેન્ડરરે ટેન્ડરની તમામ શરતો કાળજી પૂર્વક વાંચી, સમજીને ટેન્ડર ભરવાના રહેશે. કોઈપણ જાતના શરતી ટેન્ડરો સ્વિકારવામાં આવશે નહિ.
4. ટેન્ડર સામે માંગવામાં આવેલ વિગતોના તમામ દસ્તાવેજો, આધારભૂત કાગળો સ્વપ્રમાણિત કરી સહી સિકકા સાથેની પ્રમાણિત નકલો બિડાણ કરવાની રહેશે. ટેકનીકલ બીડ ઓપન કર્યા બાદ ટેન્ડરરના કોઈપણ દસ્તાવેજ કે રજૂઆત સ્વિકારવામાં આવશે નહિ.
5. ટેન્ડર સાથે જે કોઈ પુરાવા/ દસ્તાવેજોની નકલો માંગવામાં આવેલ છે તે તમામ દસ્તાવેજોની મૂળ નકલ ટેન્ડર ઓપનીગ સમયે ચકાસણીના હેતુસર રજુ કરવાની રહેશે.
6. ટેન્ડર કાર્યવાહીના શિડયુલ મુજબ નિયત તારીખ–સમય બાદ મળેલ ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહિ.
7. ટેન્ડરરે નિયત કરવામાં આવેલ ટેકનીકલ બીડમાં માંગેલ વિગતો ઓન–લાઈન ભરીને, સંબધિત દસ્તાવેજો સાથે ટેન્ડર ફોર્મ રજૂ કરવાના રહેશે. ફકત ઓન–લાઈન ટેન્ડર ફોર્મ ભરેલ હશે અને દસ્તાવેજો રજૂ કરેલ નહિ હોય તો તે ટેન્ડર ગેરલાયક ઠરશે.
8. ટેન્ડરરે નીચે મુજબ સમગ્ર ટેન્ડર રજૂ કરવાના રહેશે. આ તમામ કવરો તેના મથાળા સાથે ટેન્ડરરના સિકકા–સહી કરી સીલબંધ રજુ કરવાના રહેશે.

   9.1 પ્રથમ કવરઃ ટેન્ડર પ્રોસેસ/ ફોર્મ ફી મૂકીને "ટેન્ડર પ્રોસેસ/ ફોર્મ ફી કવર" એમ લખવાનુ રહેશે.

   9.2 બીજુ કવરઃ ઈ.એમ.ડી રકમ મૂકીને "ટેન્ડર ઈ.એમ.ડી. ફી" નુ કવર એમ લખવાનુ રહેશે

   9.3 ત્રીજુ કવરઃ ટેકનીકલ દસ્તાવેજો મૂકીને "ટેકનીકલ બીડનુ કવર" એમ દર્શાવવાનુ રહેશે.

   ઉપરોકત ક્રમ 9.1 થી 9.3 ના કવર એક મોટા કવરમાં મૂકીને મોટા અક્ષરે **"વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડેથી પૂરી પાડવા અંગેના ટેન્ડર"** તેમ લખી રજૂ કરવાનુ રહેશે.

9. કોઈપણ ટેન્ડરર તેઓનુ ટેન્ડર નિયત સમયમાં રજૂ કર્યા પછી તેઓના ટેન્ડર ના ખોલવા કે પરત લઈ લેવા માટેની લેખીત કે મૌખીક રજુઆત કરશે તો તે માન્ય રહેશે નહિ. જો ટેન્ડરર તેમ કરવા માંગશે તેઓની ઈ.એમ.ડી રકમ જપ્ત કરવામાં આવશે.

10. ભરેલા ટેન્ડર સ્વિકારવા કે ન સ્વિકારવાનો નિર્ણય લેવાનો યુનિવર્સિટીને અબાધિત અધિકાર રહેશે.
11. આ કામની પ્રિ બીડ મીટીગ વખતે ટેન્ડર સંબધિત કામકાજની અંગે જાણકારી આપવામાં આવશે. જેમાં ટેન્ડર ભરવા માંગનાર ટેન્ડર શિડયુલની તારીખ અને સમયે ઉપસ્થિત રહી શકે છે.
12. પ્રથમ પ્રાયમરી લાયકાત અંગે ઓન–લાઈન વિગત તથા ફીઝીકલ જમા કરાવેલ સીલબંધ કવર (ટેન્ડર પ્રોસેસ ફી અને ઈ.એમ.ડી ફી) કમિટિ/ હાજર હશે તે પાર્ટીઓના પ્રતિનિધિશ્રીઓની સમક્ષ ઓપન કરવામાં આવશે. જે પાર્ટીઓ તરફથી પ્રાયમરી લાયકાતની પૂર્તતા કરતા હશે તેઓની ટેકનીકલ બીલ ઓપન કરવામાં આવશે.
13. બીજા તબકકામાં પ્રાયમરી લાયક પૂર્તતા કરતી પાર્ટીઓની ટેકનીકલ લાયકાત અંગેની ઓન–લાઈન વિગત અને ફિઝીકલ જમા કરાવેલ દસ્તાવેજોના સીલબંધ કવર કમિટિ/ હાજર રહેલ પાર્ટીઓના પ્રતિનિધિશ્રીઓની સમક્ષ ઓપન કરવામાં આવશે. જે ટેન્ડરર પાર્ટી ટેકનીકલ લાયકાતમાં યોગ્ય ઠરતી હશે તેવાના જ ઓનલાઈન ભાવપત્રકના ઓપન કરવામાં આવશે.
14. ટેન્ડર ઓપન કર્યા બાદ કોઈપણ ટેન્ડરર તેઓના ટેન્ડર કે ભાવપત્રક પરત ખેંચી લઈ શકશે નહિ. જે કોઈપણ ટેન્ડરર તેમ કરશે તો તેઓની અર્નેસ્ટ મની ડિપોઝીટ જપ્ત કરી આવા ટેન્ડરર ભવિષ્યમાં આ પ્રકારના ઈજારા ભરવા માટે ગેરલાયક ઠરશે.

## ટેન્ડરના ભાવો અને સમયમર્યાદા

1. વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડેથી પૂરી પાડવા સામેના ભાવ ટેન્ડર મુજબ ઓન–લાઈન ભરવાના છે.
2. ટેન્ડરમાં ભરવામાં આવે તે ભાવ તમામ ટેક્ષના સમાવેશ, ડ્રાયવર એલાઉન્સ, નાઈટ હોલ્ટ ચાર્જ તથા સેવાઓ કચેરી મથક સુધી પહોંચતા કરવી એમ તમામ સમાવેશ સાથેના ભાવ આપવાના રહેશે.
3. મંજૂર થાય તે ભાવ વન–ટાઈમના રહેશે કે જે કરારમાં નકકી થયા તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે. તેમ છતાં જરૂર જણાયે આ કરારનો સમયગાળો મહત્તમ એક વર્ષ સુધી લંબાવી શકાશે. આ સમગ્ર સમયગાળા દરમ્યાન નિયત ભાવ ઉપરાંતનો કોઈપણ વધારો આપવામાં આવશે નહિ.

## ટેન્ડરની સ્વિકૃતિ

1. ટેન્ડરમાં ભરાઈને આવેલ ભાવ યુનિવર્સિટી દ્વારા મંજૂર કર્યાની અને આ સેવાઓ પૂરી પાડવા માટેની ટેન્ડરર સંમત છે તે મુજબના લેખીત સંમતિપત્ર મેળવવા અત્રેથી લેખીતમાં જાણ કરવામાં આવશે. આવી જાણ સામાન્ય રીતે હાથોહાથ, આર.પી.એ.ડી. કે સ્પીડ પોસ્ટ પત્ર કે ઈ–મેઈલથી રવાના કરી કરવામાં આવશે. ટપાલથી જાણ કરવાના કિસ્સામાં વિલંબ થાય તેના માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહિ.
2. ટેન્ડર પૂરેપુરૂ કે અંશતઃ સ્વિકારવાનો યુનિવર્સિટીને અબાધિત હકક રહેશે. શકય હશે ત્યાં સુધી એકજ ટેન્ડરરના ભાવો મંજૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. તેમ છતાં કામગીરીને ધ્યાને લઈને એકથી વધુ ટેન્ડરરના ભાવો માન્ય રાખવાનો પણ યુનિવર્સિટીને અબાધિત હકક રહેશે.
3. ટેન્ડરની તમામ બાબતો, કોઈપણ ટેન્ડર મંજૂર/ ના મંજૂર કરવા માટે યુનિવર્સિટીનો નિર્ણય આખરી રહેશે. આમાં નીચા ભાવનું ટેન્ડર સ્વિકાર કરવો કે નહિ તેનો પણ સમાવેશ થાય છે.
4. ટેન્ડર/ કરારની કોઈપણ શરતોમાં સુધારા–વધારા કરવા, રદ્ કરવી, ઉમેરો કરવો કે કોઈપણ શરતોના અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની આખરી સત્તા યુનિવર્સિટી અને સક્ષમ સમિતિનો રહેશે.
5. ટેન્ડર અંગે કોઈપણ પત્ર વ્યવહાર કે ટેલીફોન કે રૂબરૂ મળીને કે અન્ય કોઈપણ રીતે ટેન્ડરની પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરનાર પાર્ટીઓનુ ટેન્ડર રદ્ કરવામાં આવશે. તેમજ ટેન્ડરર તરીકે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.
6. સ્વિકૃત થયેલા ટેન્ડરરે સ્વખર્ચે યુનિવર્સિટી સાથે રૂા.50/-ના મૂલ્યના નોન–જયુડિશીયલ સ્ટેમ્પ પેપર ઉપર કરારનામું કરવાનુ રહેશે.

**ટેન્ડર ક્યારે રદ્દ બાતલ ગણાશે?**

1. નિયત સમય મર્યાદા બાદ મળેલ ટેન્ડર રદ્દ બાતલ ગણાશે.
2. ટેન્ડર ફોર્મમા જણાવેલી લઘુત્તમ લાયકતો કે કોઈપણ એક લાયકાત નહિ ધરાવનાર કોઈપણ ટેન્ડરર/ એજન્સી/ ટ્રસ્ટ/ સહકારી મંડળી/ભાગીદારી પેઢી તરફથી રજુ કરવામાં આવેલ ટેન્ડર રદ્દબાતલ ગણવામાં આવશે.
3. ટેન્ડરર દ્વારા ટેન્ડર ફોર્મમા જણાવવામાં/ ભરવામાં આવેલ માહિતી અને બિડાણ કરેલ દસ્તાવેજો કોઈપણ સમયે ખોટા જણાશે તો ટેન્ડરરની સેવાઓ તાત્કાલીક અસરથી રદ્દ કરવામા આવશે. તેમજ સિક્યુરીટી ડિપોઝીટ જપ્ત લઈ પાર્ટીને બ્લેક લીસ્ટ જાહેર કરવામાં આવશે.
4. કોઈપણ વ્યકિત/ઓ કે જે સરકારી નોકરીમાં હોય અથવા સરકારશ્રીના પ્રતિનિધિ કે જવાબદારી સંભાળતા હોય અથવા આ યુનિવર્સિટીના કર્મચારી હોય તે / તેવાઓ એજન્સી સાથે ભાગીદારી રીતે કે સીધા કે આડકતરી રીતે કોઈપણ પ્રકારે સંકળાયેલ હોવા જોઈએ નહિ. તેવી કોઈપણ બાબત યુનિવર્સિટીન ધ્યાન ઉપર આવશે તો ટેન્ડર રદ્દ બાતલ ગણાશે.
5. ઓછી રકમની ઓફર કરનાર, કૃત્રિમ રીતે લોએસ્ટ હોય પણ ટેન્ડરની ટેકનીકલ અને અન્ય શરતો પૂર્ણ કરતા ના હોય તેવા ટેન્ડર મૂળેથી રદ્દબાતલ ગણવામાં આવશે.
6. ટેન્ડરની કાર્યવાહી પહેલા, દરમ્યાન કે આખરીકરણ સમયે કોઈપણ પ્રકારનુ રાજકીય, વહિવટીય કે અન્ય પ્રકારના અયોગ્ય દબાણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાવનાર કે તેવો પ્રયત્ન કરનાર એજન્સી/ ટ્રસ્ટ/ કંપની/ સહકારી મંડળી/ ભાગીદારી પેઢી / ઈસમોનુ ટેન્ડર રદ્દ બાતલ ગણવામાં આવશે.
7. અધુરી, અસ્પષ્ટ કે સંદિગ્ધ ભાષામાં અને શરતી ટેન્ડર ઓફર કરનાર ટેન્ડર રદ્દ બાતલ ગણવામાં આવશે.
8. ટેન્ડરમાં જણાવેલ શરતોનુ પાલન નહિ કરનાર પાર્ટીનું ટેન્ડર/કરાર રદ્દ બાતલ ગણાશે.

# Tender for Hiring of Vehicles for the Year 2018-19
# Technical Bid

## Section A: Tenderer General Information

| No. | Details | Description |
|---|---|---|
| 1 | Name of Company/Trust/ Institution/ Cooperative Institution/Agency | |
| 2 | Name and Address of Owner/ Trustee/ Management/ Partners | |
| | Phone/Fax No. | |
| | Mobile No. | |
| | E-mail ID | |
| | Website | |

## Section B: Primary Details

| Tender Process / Form Fee Details: | |
|---|---|
| D.D. No./ Bankers Check No. | |
| Name of the Bank: | |
| Amount: | Rs. 1,500/- |
| Date: | |

| EMD Details: | |
|---|---|
| D.D. No./ Bankers Check No. | |
| Name of the Bank: | |
| Amount: | Rs. 30,000/- |
| Date: | |

| Details of Declaration | Yes/No |
|---|---|
| Declaration is to be submitted on 50/- rupees Non Judicial Stamp Paper that the tenderer is not defaulter, never blacklisted by any Government institution or department and has no binding of any police case. | |

## Section C: Registration Details

| No. | Detail | Numbers | Date |
|---|---|---|---|
| 1 | Year of Establishment No. | | |
| 2 | Shops & Establishment No. | | |
| 3 | GST No. | | |
| 4 | PAN No. | | |
| 5 | Professional Tax No. | | |
| 6 | Others (If Any) | | |

## Section D: Details of work Completion (In Financial form)

| Sr. No. | Financial Year | Name of Client | Period of Service | Total work Completion Amount |
|---|---|---|---|---|
| 1 | 2015-16 | | | |
| 2 | 2016-17 | | | |

## Section E: Details of Financial Turnover, Profit and other.

| Sr. No. | Financial Year | Total Turn over Rs. |
|---|---|---|
| 1. | 2015-16 | |
| 2. | 2016-17 | |

## Section F: Experience Certificate of Government/Semi-Government/ Corporate Office.

| No. | Company Name | Place |
|---|---|---|
| 1 | | |
| 2 | | |
| 3 | | |
| 4 | | |
| 5 | | |

## Section G: Details of Vehicles

| No. | Vehicle Name | Purchase Year/Travel Permit No.(Enclose Copy) |
|---|---|---|
| 1 | | |
| 2 | | |
| 3 | | |
| 4 | | |
| 5 | | |

Signature of Bidder with Seal

# Tender for Hiring of Vehicles for the Year 2018-19

# Financial Bid

( To be enclosed in separate sealed cover )

| Name of the Vehicle | Rate of Per K.M. (24 Hours) | Minimum K.M. | 250 K.M. 10 Hours | 125 K.M. 8Hours | 75 K.M. 6 Hours | Local Ahmedabad, Gandhinagar Per Trip |
|---|---|---|---|---|---|---|
| Toyota Etios/Maruti Swift Dezire/Tata Indigo A.C. | | | | | | |
| Toyota Etios/Maruti Swift Dezire/Tata Indigo Non- A.C | | | | | | |
| Toyota Innova. A.C. | | | | | | |
| Toyota Innova. Non-A.C. | | | | | | |
| Chevrolet Tavera-A.C. | | | | | | |
| Chevrolet Tavera-Non-A.C. | | | | | | |
| Bolero/Mahendra Scorpio A.C. | | | | | | |
| Bolero/Mahendra Scorpio Non- A.C. | | | | | | |
| Force Motors Trax Cruiser / Force Motors Trax Toofan A.C. | | | | | | |
| Force Motors Trax Cruiser / Force Motors Trax Toofan Non A.C. | | | | | | |
| Tata Loading Van (with tarpaulin) | | | | | | |
| Tata Loading Van (without tarpaulin) | | | | | | |
| Tata-407/ Eicher (with tarpaulin) | | | | | | |
| Tata-407/ Eicher (without tarpaulin) | | | | | | |
| Mini Bus (15 Seater) | | | | | | |
| Mini Bus (23 Seater) | | | | | | |
| Bus (52 Seater) | | | | | | |

**Condition: All rates are Inclusive of GST, Night charges and Driver charges.**

**Date :**

Signature of Bidder with Seal

## વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડેથી પૂરી પાડવા પૂરી પાડવા અંતર્ગત કરારનામાં

(આ નમૂનારૂપ કરારનામાં છે, જેઓના ભાવ/પાર્ટી નિયત થશે તેઓ સાથે કરવામાં આવશે.
કરારનામાંની શરતોમાં આવશ્યક ફેરફાર, શરતોમાં કમી કે ઉમેરો યુનિવર્સિટીની સત્તાને આધિન રહેશે.)

આથી આજ–રોજ તા. ......................................ના રોજ ............................................ મુકામે અમો કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ કે જેને હવે પછી સક્ષમ સત્તા/ યુનિવર્સિટી તરીકે ઉલ્લેખ કરવામાં આવશે તે અને ........................................................................................... કે હવે પછી તેમને એજન્સી/ટેન્ડરર તરીકે ઉલ્લેખ કરવામાં આવશે તેઓની વચ્ચે આથી કરાર કરવામાં આવે છે.

### કરારની શરતો

1. કરારનો એક વર્ષનો સમયગાળો તા.____________ થી તા.____________ સુધીનો રહેશે.
2. વિવિધ પ્રકારના વાહનો સામેના તમામ ટેક્ષ સાથેના દર કરારના સમયગાળા માટે નીચે મુજબનો નિયત કરવામાં આવે છે.

| Name of the Vehicle | Rate of Per K.M. (24 Hours) | Minimum K.M. | 250 K.M. 10 Hours | 125 K.M. 8Hours | 75 K.M. 6 Hours | Local Ahmedabad,Gandhinagar Per Trip |
|---|---|---|---|---|---|---|
| Toyota Etios/Maruti Swift Dezire/Tata Indigo A.C. | | | | | | |
| Toyota Etios/Maruti Swift Dezire/Tata Indigo Non- A.C | | | | | | |
| Toyota Innova. A.C. | | | | | | |
| Toyota Innova. Non-A.C. | | | | | | |
| Chevrolet Tavera-A.C. | | | | | | |
| Chevrolet Tavera-Non-A.C. | | | | | | |
| Bolero/Mahendra Scorpio A.C. | | | | | | |
| Bolero/Mahendra Scorpio Non- A.C. | | | | | | |
| Force Motors Trax Cruiser / Force Motors Trax Toofan A.C. | | | | | | |
| Force Motors Trax Cruiser / Force Motors Trax Toofan Non A.C. | | | | | | |
| Tata Loading Van (with tarpaulin) | | | | | | |
| Tata Loading Van (without tarpaulin) | | | | | | |
| Tata-407/Eicher (with tarpaulin) | | | | | | |
| Tata-407/Eicher (without tarpaulin) | | | | | | |
| Mini Bus (15 Seater) | | | | | | |
| Mini Bus (23 Seater) | | | | | | |
| Bus (52 Seater) | | | | | | |

3. ઉપરોક્ત જણાવેલ દર તા.________________ની અસરથી અમલમાં ગણવામાં આવે છે.

4. ઉપરોક્ત દર વન ટાઈમના રહેશે. જેથી કરારના સમયગાળા દરમ્યાન તેમજ મુદત લંબાવ્યાના કિસ્સામાં પણ કોઈ ભાવ વધારો મળવાપાત્ર રહેશે નહિ.
5. ઉપરોક્ત દર કરારમાં નિયત થયા તારીખથી પ્રથમ એક વર્ષ સુધી અમલમાં રહેશે તેમ છતાં જરૂર જણાયે આ કોન્ટ્રાક્ટનો સમય વધુમાં વધુ 01 વર્ષ સુધી લંબાવી શકાશે.
6. તમામ પ્રકારના વાહનો સામે મુસાફરી શરુ કરતા પહેલા કે મુસાફરી દરમ્યાન કોઈપણ પણ પ્રકારના રોકડ રકમ એડવાન્સ આપવામાં આવશે નહિ એટલે કે વાહન માટે ઈંધણ ખર્ચ, ડ્રાયવર નિભાવણી ખર્ચ, ટોલ ટેક્ષ તથા મેન્ટેનન્સની વિગેરેની પૂરતી વ્યવસ્થા ટેન્ડરરે કરવાની રહેશે.
7. જ્યારે કેન્દ્રો ઉપર સાહિત્ય પહોંચાડવાનું થાય ત્યારે એકથી વધારે વાહનની જરૂરિયાત રહેશે અને યુનિવર્સિટી દ્વારા જે રુટ નક્કી કરી આપવામાં આવે તે પ્રમાણેના કેન્દ્રો ઉપર સાહિત્ય પહોંચાડવા તેટલા પ્રમાણમાં વાહનો ઉપલબ્ધ કરાવવાના રહેશે.
8. અત્રેથી સાહિત્ય લોડિંગ/અનલોડીંગ કરવા માટે સમયની પાબંધી નથી. પરંતુ કેન્દ્રો ઉપર પહોંચાડવાનું સાહિત્ય/સામગ્રી સવારના 10.00 કલાકથી સાંજના 06.00 કલાક દરમ્યાન જ ડિલીવરી કરવાની રહેશે. સાહિત્ય લોડીંગ-અનલોડિંગની, તેમજ જે-તે કેન્દ્રો ઉપર સાહિત્ય પહોંચાડી તે મળ્યાની રસીદ મેળવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.
9. જે-તે કેન્દ્રો ઉપર સાહિત્ય પહોંચાડી તે લોડીંગ અનલોડિંગ તેમજ પરિવહન વેળા પુસ્તકો-સાહિત્યને કોઈ પ્રકારનું નુકશાન ના થાય તે જોવાની જવાબદારી અને કેન્દ્રો માટે અત્રેથી આપવામાં આવેલ દાગીના બંડલો સહી સલામત જે-તે કેન્દ્ર સંચાલકને મળે તે જોવાની જવાબદારી ટેન્ડરરની રહેશે. જો કોઈ દાગીના-ખોવાશે યા તેને નુકશાન થશે તો ઘટ નુકશાનની રકમ ટેન્ડરરના કોઈપણ બિલમાંથી અથવા જરૂર જણાયે સિક્યુરિટી ડિપોઝીટમાંથી વસૂલ કરાશે.
10. યુનિવર્સિટી જાણ કરે ત્યારે યુનિવર્સિટીને અગ્રતાના ધોરણે તેટલી સંખ્યામાં વાહનો પુરા પાડવાના રહેશે. જો તેમ કરવામાં ચુક થશે તો યુનિવર્સિટી દ્વારા બહારની કોઈપણ પાર્ટી પાસેથી બજાર ભાવે વાહનો ભાડે લેવામાં આવશે અને જેમાં બિલનો / વધારાનો જે કોઈ ખર્ચ થશે તે ટેન્ડરરના કોઈપણ બિલમાંથી અથવા જરૂર જણાયે સિક્યુરિટી ડિપોઝીટમાંથી વસૂલ કરાશે.
11. પરીક્ષા સંબંધિત પ્રશ્નપત્રો તથા સમય મર્યાદામાં મોકલવાનું સાહિત્ય નક્કી કરેલ રુટ મુજબ નિયત સમય પહેલા જે-તે કેન્દ્ર ઉપર પહોંચતું થઇ શકે તે રીતેની વ્યવસ્થા ટેન્ડરરે ગોઠવવાની રહેશે.
12. વાહન ચાલક કર્મચારીને તેમની ફરજ દરમ્યાન કોઈ અકસ્માત કે શારીરિક ઇજા હાનીનો બનાવ બને તો તે અંગેના કાયદાકીય ઓબ્લિગેશનની જવાબદારી પણ ટેન્ડરરની રહેશે. આ અંગેના ચૂકવવા પાત્ર વળતર નુકશાની કે દાવાની કોઈ રકમની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહી.
13. વાહનની મુસાફરીના સમયની ગણતરી માટે રાત્રીના 0.00 કલાક થી 24.00 કલાક એમ 24 કલાકનો દિવસ ગણવામાં આવશે.

14. મુસાફરી પૂર્ણ થયે લોગ-બુક/ મેમો-બુકમાં મુસાફરી કરનાર યુનિવર્સિટીના અધિકારી/કર્મચારીના સહી સિક્કા અચૂક મેળવી તેને ચૂકવણાંના બીલ સાથે રજુ કરવાના રહેશે. વધુમાં મુસાફરી દરમ્યાન નિયમોનુસાર ભરપાઈ કરેલ ટોલ ટેક્ષ, પાર્કિંગ ચાર્જની તમામ પાવતીઓ બિલ સાથે જોડવાની રહેશે. તે સિવાયના બિલ માન્ય રાખવામાં આવશે નહી અગર તો ટોલ ટેક્ષ, પાર્કિંગ ચાર્જ જેટલી રકમ બીલની રકમમાંથી બાદ કરી લેવામાં આવશે.

15. મુસાફરી બાદ ચૂકવણાં બીલ ગણતરી માટેની ફોર્મ્યુલા નીચે મુજબની રહેશે.

| | | |
|---|---|---|
| **દા.ત.**– | વા હનના મુસાફરીના ખરેખર કિલોમીટર | : 500 કિ.મી. |
| **ઉમેરો:** – | ટેન્ડરરની ઓફિસથી યુનિવર્સિટી સુધી અથવા અધિકારીશ્રી/કર્મચારીના નિવાસસ્થાન સુધીના આવતા/જતાના કિલોમીટર | : 10 કિ.મી. |
| **કુલ:** | **મુસાફરી ક્લેઇમના કુલ કિલોમીટર** | **: 510 કિ.મી.** |

ચૂકવણાંના બીલમાં વાહનની મુસાફરીના ખરેખર કિ.મી. અને ટેન્ડરરની ઓફિસથી યુનિવર્સિટી અથવા અધિકારીશ્રીના નિવાસસ્થાન સુધીના આવતા-જતાંના કિ.મી. અલગ અલગ દર્શાવવાના રહેશે.

16. ચૂકવણાંના બિલમાંથી નિયમોનુસાર TDS કપાત કરવામાં આવશે.

17. ટેન્ડર કામગીરી સામેના સિક્યુરિટી ડિપોઝીટ પેટે રૂ.__________પૈકી ટેન્ડર ફોર્મ સાથે ભરેલ EMDની રકમ રૂ.________ને સિક્યુરિટી ડિપોઝીટ ગણવામાં આવેલ છે. તેમજ તફાવતી જમા કરાવેલ સિક્યુરિટી ડિપોઝીટની રકમ રૂ. __________ મળીને કુલ રૂ. __________ યુનિવર્સિટી ફંડમાં જમા લેવામાં આવેલ છે. જેમાં, કોન્ટ્રાકટ પૂરો થયે કોઈ રકમ વસુલ કરવાની થતી હશે તો તે વસુલ કર્યા બાદ બાકી રહેતી રકમ પરત કરવામાં આવશે. સદર સિક્યુરિટી ડિપોઝીટ રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ આપવામાં આવશે નહી.

18. કરારનામાંની કોઈપણ શરતના ભંગ બદલ સિક્યુરિટી ડિપોઝીટ પેટે જમા કરાવેલ રકમમાંથી ટેન્ડર મંજૂર કરનાર કમિટી/ અધિકારીને યોગ્ય જણાય તેટલી અથવા પુરેપુરી ડિપોઝીટ જપ્ત કરી શકાશે. જેટલી રકમ જપ્ત થઇ હોય તેટલી જ રકમ ટેન્ડરરે તુરંત જમા કરાવવાની રહેશે.

19. આ ઉપરાંત કરારમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા/યુનિવર્સિટી ટેન્ડરરને એક માસની નોટિસ આપીને કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલા કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહી.

20. ટેન્ડરના સમયગાળા દરમ્યાન ટેન્ડરર એજન્સીના માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલ ગણાશે અને તેના કાયદેસરના વારસદારોની કોઈ હક્ક /દાવો રહેશે નહી. આમ છતાં અજેન્સીના મલિક/ભાગીદારોના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ, શરતો અને નિયત થયેલ દરે આ કામગીરી ચાલુ રાખવા માંગતા હોય તો ત્રણ માસ સુધી જ આ કામગીરી ચાલુ શકાશે. આવા સંજોગોમાં ત્રણ માસની સેવા માટે નવેસરથી

કરારનામા કરવાના રહેશે. આ ગાળા દરમ્યાન નવી એજન્સી નક્કી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

21. ટેન્ડર અન્વયે કરવામાં આવેલ આ કરારનામામાં આવશ્યકતા અનુસાર ભવિષ્યમાં કોઈ શરત ઉમેરવા, કમી કરવા કે સુધારો કરવાની સત્તા યુનિવર્સિટીને જ રહેશે જેને ટેન્ડર પાર્ટી બંધનકર્તા રહેશે.
22. કરારની શરતોના અર્થઘટન કે વિવાદાસ્પદ પરિસ્થિતિમાં કુલપતિશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
23. કરેલ કરાર અંગેના કોઈપણ વિવાદ બાબતે Subject to Ahmedabad Jurisdiction રહેશે.

ટેન્ડર અંતર્ગત સેવાઓ (વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ ભાડેથી) પૂરી પાડવાની કામગીરી સબબ આ કરાર અમોએ બંને પક્ષોને કબૂલ, મંજૂર અને બંધનકર્તા છે. ઉપરોક્ત તમામ શરતો વાંચી અને તેના અર્થઘટન સમજીને બિનકેફે, કોઈપણ દબાણ વગર તેની સાબિતી રૂપે નીચે જણાવેલ સાક્ષીઓ રુબરુમાં સહી કરી આપેલ છે.

સ્થળ:

તારીખ:

| | |
|---|---|
| 1) ........................................................ | 2) ........................................................ |
| ટેન્ડરર એજન્સીનું નામ/ અધિકૃત પ્રતિનિધિનું નામ/ હોદ્દો/ એજન્સીનાસિક્કા અને સહી | યુનિવર્સિટીના અધિકારીના હોદ્દા/ સહી અને સિક્કા |

સાક્ષીઓની સહી:

| | |
|---|---|
| 1) ............................................. | 2) ..................................................... |
| (                                ) | (                                ) |

પરિશિષ્ટઃ૯

# બાં હે ધ રી પ ત્ર

આથી અમો ટેન્ડરર એજન્સી ..........................................................................................................................

વિવિધ પ્રકારના વાહનોની સેવાઓ નિયત દરે ભાડે પૂરી પાડવાના યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલ ટેન્ડર પરિશિષ્ટઃ ૦૧ થી પરિશિષ્ટઃ ૦૮ માં સમાવિષ્ટ તમામ શરતો/ બોલીઓ / સૂચનાઓ/ કરારના નિયમો, કામગીરીની પધ્ધતિ, પ્રકાર, પૂરી પાડવાની સેવાઓ તમામ મે/ અમોએ વાંચેલ છે તેને હું/ અમો બરોબર સમજયા છે, તમામ વિગતોથી હું/ અમો માહિતીગાર થયા છે અને સ્વિકારીએ છીએ.

હું/ અમોને આ કામગીરી કરવા માટે અમારી જવાબદારીઓ અને પૂરી પાડવાની ફરજોની જાણ થયેલ છે અને સ્વિકાર કરીએ છીએ. તેમજ તેના ભંગ બદલ યુનિવર્સિટી તરફથી/ અન્ય રાહે લેવાનાર પગલાઓ સામે પૂર્તતા કરવા હું / અમોએ તે ભરપાઈ કરવા બંધાયેલ છીએ. આ સાથે સર્વે બોલીઓ, શરતો અને કામગીરીની વિગતો અને પધ્ધતિનો કોઈ પણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વિકાર કરૂ છુ/ કરીએ છીએ. આ સમયગાળા દરમિયાન અમારા કામ માટે અમો કોઈ ભાવ વધારો માંગીશું નહીં.

સ્થળ :　　　　　　　　　　　　　　　　　ટેન્ડરરનુ નામ, સહી/કંપનીના સિકકા

તારીખ :